ગુજરાતી ભાષાનું વ્યાકરણ.

. ભાષાના નિયમને વ્યાકરણ કહે છે.

કોઇ પણ ભાષામાં પહેલા અક્ષર લખાય છે; અક્ષરો ાથે મળ્યાથી કાંઇક અર્થ સમજાય તેને શબ્દ કહે છે; અને રવા શબ્દો સાથે મુકયાથી બોલનારની મતલબ સમજાય તેને વાક્ય કહે છે.

અક્ષર વિચાર.—ભાષામાં અક્ષર કેટલા છે અને તેઓ કેવા રીતે બોલાય ને લખાય છે તે વિષયને અક્ષર વિચાર કહે છે.

શબ્દ વિચાર.—શબ્દોના જુદા જુદા વર્ગો તથા જુદા જુદા રૂપો જેથી જણાય તે વિષયને શબ્દ વિચાર કહે છે.

વાક્ય વિચાર.—શબ્દોને સાથે મેળવીને મતલબ જણાવવા સારૂ કેવી રીતે ગોઠવવા તે વિષયને વાક્ય વિચાર કહે છે.

અક્ષર વિચાર.

અક્ષરના બે ભેદ છે–સ્વર અને વ્યંજન.

સ્વર.—જે અક્ષરનો ઉચ્ચાર પોતાની મેળે બરાબર થઇ શકે છે તે, જેમકે અ, આ, થી અઃ સુધી બાર.

વ્યંજન.—જે અક્ષરનો ઉચ્ચાર સ્વરની મદદ વિના પૂરો થતો નથી તે, જેમકે ક્, ખ્, થી જ્ઞ સુધી ૩૬.

બારાખડી.—કોઇપણ વ્યંજનને બધા સ્વર લગાડવા તે.

	સ્વરની નીશાની.		સ્વરની નીશાની.
ક્ + અ=ક	... નથી.	ક્ + એ=કે	... ે એક માત્ર.
ક્ + આ=કા	... ા કાનો.	ક્ + ઐ=કૈ	... ૈ બે માત્ર.
ક્ + ઇ=કિ	... િ હ્રસ્વઇ.	ક્ + ઓ=કો	... ો કાનો માત્ર.
ક્ + ઈ=કી	... ી દીર્ઘઈ.	ક્ + ઔ=કૌ	... ૌ કાના બે માત્ર
ક્ + ઉ=કુ	... ુ હ્રસ્વઉ.	ક્ + અં=કં	... ં અનુસ્વાર.
ક્ + ઊ=કૂ	... ૂ દીર્ઘઊ.	ક્ + અઃ=કઃ	... ઃ વિસર્ગ.

કંઠસ્થાની—ક—ખ—ગ—ઘ—ઙ—હ   અ + આ.

તાળુસ્થાની—ચ—છ—જ—ઝ—ઞ—ય—શ   ઇ + ઈ.

મુર્ધ્વાસ્થાની—ટ—ઠ—ડ—ઢ—ણ—ષ—ર—ળ.

દંતસ્થાની—ત—થ—દ—ધ—ન—લ—સ.

ઓષ્ટસ્થાની—પ—ફ—બ—ભ—મ—વ   ઉ+ઊ.

બે સ્વર સાથે મળ્યાથી **સ્વરસંધી** થાય છે.

પરમ + ઈશ=પરમેશ.	સૂર્ય + ઉદય=સૂર્યોદય.
પરમ + અર્થ=પરમાર્થ.	હિમ + આલય=હિમાલય.

બે વ્યંજન સાથે મળ્યાથી **વ્યજનસંધી** થાય છે.

ઉત + લાસ=ઉલ્લાસ.	અધ + શેર=અચ્છેર.
જગત + નાથ=જગન્નાથ.	શ્વાસો + શ્વાસ=શ્વાસોચ્છવાસ,

અનુસ્વારને બીજો અક્ષર લાગવાથી **અનુસ્વારસંધી** થાય છે.

સં + આચાર=સમાચાર.	સં + તોષ=સન્તોષ.

વીસર્ગની આગળ બીજો અક્ષર આવ્યાથી **વીસર્ગસંધી** થાયં છે.

નિ : સાર=નિસ્સાર.	નિ : આધાર=નિરાધાર.
નિ : બળ=નિર્બળ.	નિ : કપટ=નિષ્કપટ.
દુ : દશા=દુર્દશા.	

જોડાક્ષર.

બે કે વધારે વ્યંજન સાથે મળે અને તેમની વચમાં કોઇ સ્વર હોતો નથી, તેને **જોડાક્ષર** કહે છે. જોડાક્ષરમાં પહેલા વ્યંજન અર્ધ લખાય છે.—

ઉત્તર, પ્રમાણ, પૂર્વ, પૃથ્વી, સત્ય, શક્તિ, સહ્ય.

સમાસ—બે કે વધારે શબ્દો સાથે મળ્યાથી જે રૂપ થાય છે, તેને સમાસ કહે છે.

૧ દ્વંદ્વ—એકજ વિભકતીમાં આવનારા શબ્દો—

માબાપ, ધણીધણીઆણી.

૨ તત્પુરૂષ—બે શબ્દોની વચમાં વિભક્તીનો સંબંધ હોય તે—

૨ ગ્રંથકાર=ગ્રંથને કરનાર.

૩ પવન ચક્કી=પવને ચાલતી ચક્કી.

૪ ચરણોદક=ચરણને માટે ઉદક.

૫ વાઘભય=વાઘથી થતો ભય.

૬ ધર્માચાર=ધર્મનો અચાર.

૭ દેશસ્થ=દેશમાં રહેનાર.

૩ કર્મધારય—જેનો પહેલો શબ્દ ગુણવાચક વિશેષણ હોય તે—

મહાજન, સદગુણ, સમતોલ.

૪ દ્વિગુ—જેનો પહેલો શબ્દ સંખ્યા વાચક વિ હોય તે—

ત્રીલોક, ખટકર્મ, ચતુર્વેદ.

૫ મધ્યમપદલોપી—જેનો વચલો શબ્દ અધ્યહાર રાખી બોલાય તે—

કાળીદાસ નાટક=કાળીદાસ (કૃત) નાટક.

૬ **અવ્યયી ભાવ**—જેનો પહેલો શબ્દ અવ્યય હોય તે—
પ્રતીમાસ, અસંશય.

૭ **બહુવ્રીહિ**—જે સમાસ વિશેશણના રૂપમાં વપરાય છે તે—

અજરામર, ભૂચર.

શબ્દ વિચાર.

ગુજરાતી ભાષામાં શબ્દના મુખ્ય વર્ગ પાંચ છે.

તેના નામ—

નામ-સર્વનામ-વિશેશણ-ક્રીયાપદ-અવ્યય.

નામ—જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, જગ્યા, ગુણદોશ વગેરે જણાય છે, તે નામ કહેવાય છે, જેમકે માણસ, ઘોડો, ગાડી, લાકડી, શહેર, નદી, ભુંડાઇ, લુચ્ચાઇ, ભલાઇ, મન, બળ, પવન, પાણી.

સર્વનામ—જે શબ્દ નામને બદલે વપરાય છે તે શબ્દને સર્વનામ કહે છે, જેમકે, હું, તું, તે, આપણ, આપ, પોતે, કોણ, શું.

વિશેશણ—જે શબ્દ નામ કે સર્વનામનો ગુણ સંખ્યા વગેરે બતાવે છે તે શબ્દને વિશેશણ કહે છે, જેમકે સારો, બુરો, ખોટો, પાંચ, દશ, હજાર, કેટલું, થોડું, કંઇ, સઘળું વીગેરે.

ક્રિયાપદ—ગતી દેખાડનારા શબ્દો ક્રિયાપદ છે, જે શબ્દમાં કોઇ પણ જાતની ક્રિયા એટલે મહેનત રહેલી હોય તેને ક્રિયાપદ કહે છે, જેમકે લખવું, દોડવું, કરવું, બોલવું. એ શબ્દોમાં લખવાની દોડવાની, કરવાની, બોલવાની ક્રિયા (મહેનત) છે.

અવ્યય—જે શબ્દના રૂપમાં કંઇ પણ ફેરફાર થતો નથી, તેવા શબ્દોને અવ્યય કહે છે, જેમકે અને, તથા, કે, જો, પણ, પાસે, ઉપર, નીચે, હાલ, પછી વગેરે.

પરમેશ્વરે માણુસને અક્કલ આપી છે તેથી તે જે જોઇએ તે બનાવી શકે છે, પણ પંખી, કૂતરાં, બીલાડાં, માણુસ ની પેઠે કાંતી કે વણી શકતાં નથી, માટે તે અવતરે છે ત્યારથીજ પરમેશ્વરે તેમને લૂગડાં પહેરાવી મૂકયાં છે. નાનાં છોકરાંનું શરીર ઉઘાડુંને કોમળ છે તેનું કારણ હવે સાફ સમજાશે.

પરમેશ્વરે=નામ.	માણુસની=નામ.	મૂકયાંછે=ક્રિયાપદ.
માણુસને=નામ.	પેઠે=અવ્યય.	નાનાં=વીશેશણ.
અક્કલ=નામ.	કાંતી=ક્રિયાપદ.	છોકરાનું=નામ.
આપીછે=ક્રિયાપદ.	કે=અવ્યય.	શરીર=નામ.
તેથી=અવ્યય.	વણી=ક્રિયાપદ.	ઉઘાડું=વિશેશણ.
તે=સર્વનામ.	શકતાં=ક્રિયાપદ.	ને=અવ્યય.
જે=સર્વનામ.	નથી=ક્રિયાપદ.	કોમળ=વિશેશણ.
જોઇએ=ક્રિયાપદ.	માટે—અવ્યય.	છે=ક્રિયાપદ.
તે=સર્વનામ.	તે=સર્વનામ.	તેનું=સર્વનામ.
બનાવી=ક્રિયાપદ.	અવતરેછે=ક્રિયાપદ.	કારણ=નામ.
શકેછે=ક્રિયાપદ.	ત્યારથીજ=અવ્યય.	હવે=અવ્યય.
પણ=અવ્યય.	પરમેશ્વરે=નામ.	સાફ=અવ્યય-વિશેશણ.
પંખી=નામ.	તેમને=સર્વનામ.	
કૂતરાં=નામ.	લૂગડાં=નામ.	સમજાશે=ક્રિયાપદ.
બિલાડાં=નામ.	પહેરાવી=ક્રિયાપદ.	

ચાલો આપણે વહેલા વહેલા ઘેર જતા રહીએ, નહીતો પલળીશું, એતો ખરૂં પણ આતો મોટાં મોટાં ફોરાં પડવા માંડયાં. હવે તો જરા રહીને જઇએ તો સારૂં, આ ઝાપટું હમણા રહી જશે.

ચાલો=ક્રિયાપદ.	વહેલા=અવ્યય.	ઘેર=નામ.
આપણે=સર્વનામ.	વહેલા=અવ્યય.	જતા=ક્રિયાપદ.

રહીએ=ક્રિયાપદ.
નહિ=અવ્યય.
તો=અવ્યય.
પલળીશું=ક્રિયાપદ.
એ=સર્વનામ.
તો=અવ્યય.
ખરૂં=વિશેશણ.
પણ=અવ્યય.
આ=સર્વનામ.

તો=અવ્યય.
મોટાં=વિશેશણ.
મોટાં=વિશેશણ.
ફોરાં=નામ.
પડવા=ક્રિયાપદ.
માંડયાં=ક્રિયાપદ.
હવે=અવ્યય.
જરા=અવ્યય; વિશેશણ.

રહીને=ક્રિયાપદ.
જઇએ=ક્રિયાપદ.
તો=અવ્યય.
સારૂં=અવ્યય; વિશેશણ.
આ=વિશેશણ.
ઝાપટું=નામ.
હમણાં=અવ્યય.
રહી જશે=ક્રિયાપદ.

વિજળીથી થયલી ગર્જના કરતાં એનું અજવાળું ઘણુંજ ઉતાવળું ચાલે છે માટે એનો ઝબકારો આપણને વહેલો દેખાય છે ને ગર્જના મોડી સંભળાય છે. ગાજવીજ સારી પેઠે થાયછે ત્યારે ઠંડક થાય છે.

વિજળીથી=નામ.
થયલી=ક્રિયાપદ.
ગર્જના=નામ.
કરતાં=અવ્યય.
એનું=સર્વનામ.
અજવાળું=વિશેશણ
ઘણુંજ=અવ્યય.
ઉતાવળું=અવ્યય.
ચાલેછે=ક્રિયાપદ.

માટે=અવ્યય.
એનો=સર્વનામ.
ઝબકારો=નામ.
આપણને=સર્વનામ.
વહેલો=અવ્યય.
દેખાયછે=ક્રિયાપદ.
ને=અવ્યય.
ગર્જના=નામ.
મોડી=અવ્યય.

સંભળાયછે=ક્રિયાપદ
ગાજવીજ=નામ.
સારીપેઠે=અવ્યય.
થાયછે=ક્રિયાપદ.
ત્યારે=અવ્યય.
ઠંડક=નામ.
થાયછે=ક્રિયાપદ.

નામ.

જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, જગ્યા, ગુણદોશ વગેરે જણાય છે, તે શબ્દ નામ કહેવાય છે, જેમકે માણસ, ઘોડો,

ગાડી, લાકડી, શહેર, નદી, ભુંડાઇ, લુચ્ચાઇ, ભલાઇ, મન, બળ, પવન, પાણી, રતાશ, મુંબાઇ.

નામના વર્ગ પાંચ છે.

૧ વિશેષ નામ—કોઇ પણ વર્ગનાં નામને, તેજ વર્ગના બીજાં બધાંમાંથી ઓળખી કાઢવાને, જે નામ આપવામાં આવે છે તેને વિશેશ—ખાસ—નામ કહે છે, જેમકે મોતીલાલ, • સુરત, સીંધુ, હિમાલય, (કુતરો એ સામાન્ય નામ છે પણ તે કૂતરાનું નામ બૉબી એમ કહીએ તો 'બૉબી' એ કુતરાનું નામ માટે વિશેશ નામ.

૨ સામાન્ય નામ—જે નામ કોઇ પણ વર્ગની દરેક ચીજને સાધારણ રીતે લાગુ પડે છે તે નામને સામાન્ય નામ કહે છે, જેમકે છોકરો, નદી, પર્વત, ગામ, એ નામ કોઇ પણ છોકરો (એટલે છોકરી નહી) તે.

૩ ભાવ વાચક નામ—એટલે હરકોઈ વસ્તુ કે પ્રાણીના ગુણ દોશ જે મનથી સમજી શકાય છે, તેનાં નામોને ભાવ વાચક કહે છે, જેમકે, હિંમત, ભલાઇ, દોંગાઇ, જૂઠું, કદર. ક્રિયાપદમાંથા થતાં નામો પણ ભાવવાચક કહેવાય છે, જેમકે કરણી, રમત, સહનતા.

૪ સમુદાય વાચક નામ—જે નામ એકવચનમાં રહી, પોતાના અર્થમાં અનેકપણાનો સમાવેશ કરે છે, તેવાં નામોને સમુદાય વાચક કહે છે, જેમકે ટોળું, ભીડ, લશ્કર, ઢોર.

૫ પદાર્થ સુચક નામ—ધાતુ, અનાજ, પાણી, વગેરે પદાર્થ ના નામો જેનુ બહુવચન સાધારણ રીતે બોલવામાં આવતું નથી તે નામોને પદાર્થ સુચક કહે છે, જેમકે, સોનું, રૂપું, ઘઉં, તેલ, વગેરે.

નામની જાતી.

નરજાતી—નર જાતીનાં નામો એટલે જે નામને કેવો લગાડી શકાય છે તે, જેમકે ઘોડો, છોકરો, હાથી, જોગી, લાડુ.

નારીજાતી—સ્ત્રી જાતીના નામ એટલે જેને કેવી લગાડી શકાય છે તે, જેમકે ગાડી, વાડી, જાત, રાત, જળો.

નાન્યતરજાતી—જે નામ નર અથવા તો નારીની પેઠે બોલાતું નથી, એટલે જેને કેવો ને કેવી લાગી શકતાં નથી, પણ કેવું લગાડીને બોલી શકાય છે તે, જેમકે ઘર, વન, ગાડું.

સામાન્યજાતી—જે શબ્દનાં રૂપમાં નર તેમજ નારીજાતીનો અર્થ સમાયલો હોય તેવાં નામો સામાન્ય જાતીમાં કહેવાય છે, જેમકે લોક, છોકરાં, સગાં, વહાલાં.

વચન.

વચન બે છે—એકવચન અને બહુવચન.

એકપણાના અર્થવાળાં નામો એકવચનમાં હોય છે, અનેક-પણાના અર્થવાળાં નામો (એકથી વધારે) બહુવચનમાં વપરાય છે, જેમકે છોકરો, છોકરાઓ; ચોપડી, ચોપડીઓ; બહુવચનનો સાધારણ પ્રત્યય 'ઓ' છે.

વિભક્તી.

વિભક્તી મુખ્ય સાત છે, પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, એ સિવાય આઠમી વિભક્તી (સંબોધન) નામ દઇ બોલાવવામાંજ વપરાય છે.

વિભક્તી.	પ્રત્યય.	અર્થ.
પહેલી.	નથી.	કર્તા.
બીજી	નથી. (કોઇ વખત ને)	કર્મ.

ત્રીજી.	એ.	કર્ત્તા, કરણ.
ચોથી.	ને, માટે, સારૂ, કાજે, સર.	સંપ્રદાન.
પાંચમી.	થી, થકી, વડે.	અપાદાન.
છઠ્ઠી.	નો–ની–નું–નાં. ણો–ણી–ણું–ણાં. રો–રી–રૂ–રાં. તણો–કેરો.	સંબંધ.
સાતમી.	માં, એ.	અધીકરણ.
આઠમી.	હે (નામની આગળ લગાડી શકાય.)	સંબોધન.

નામને વચન અને વિભક્તી કેવી રીતે લગાડી શકાય છે તેનો નમુનો.

વિ.	એકવચન.	બહુવચન.
૧	ઘોડો.	ઘોડા, ઘોડાઓ.
૨	ઘોડો, ઘોડાને.	ઘોડાઓને.
૩	ઘોડે, ઘોડાએ.	ઘોડાઓએ.
૪	ઘોડાને, માટે, સારૂ.	ઘોડાઓને માટે, સારૂ.
૫	ઘોડાથી–થકી.	ઘોડાથી, ઘોડાઓથી, થકી.
૬	ઘોડાનો–ની–નું–ના.	ઘોડાઓનો–ની–નું–નાં.
૭	ઘોડામાં.	ઘોડામાં, ઘોડાઓમાં.

વિ.	એકવચન.	બહુવચન.
૧	ચોપડી.	ચોપડીઓ.
૨	ચોપડી, ચોપડીને.	ચોપડીઓ, ને.
૩	ચોપડીએ.	ચોપડીઓએ.
૪	ચોપડીને, માટે, સારૂ.	ચોપડીઓને, માટે, સારૂ.

૫	ચોપડીથી-થકી.	ચોપડીઓથી-થકી.
૬	ચોપડીનો-ની-નું-ના.	ચોપડીઓનો-ની-નું-નાં.
૭	ચોપડીમાં-એ.	ચોપડીઓમાં.

વિ.	એકવચન.	બહુવચન.
૧	ગાડું.	ગાડાં, ગાડાંઓ.
૨	ગાડા, ગાડાને.	ગાડાં, ગાડાંને.
૩	ગાડાએ.	ગાડાંએ.
૪	ગાડાને; માટે, સારૂ.	ગાડાંને, માટે, સારૂ.
૫	ગાડાથી-થકી.	ગાડાંથી થકી.
૬	ગાડાનો-ની-નું-ના.	ગાડાંનો-ની-નું-નાં.
૭	ગાડામાં-એ.	ગાડાંમાં, ગાડાંઓમાં.

સંબોધન વિભકતી—સ્ત્રી પુરૂષના નામોનેજ, અને કોઇક વખતે બીજાં નામોને એવું રૂપ આપી બોલવામાં આવે છે, ત્યારે વપરાય છે. છોકરા ચોપડી લાવ=હે છોકરા તું ચોપડી લાવ=મોત કયાં છે=અરે મોત તું કયાં છે.

નામનો પદચ્છેદ કરતી વેળા (૧) કેવું નામ (વર્ગ) (૨) કઇ જાતી (૩) વિભકતી (૪) વચન; એ પ્રમાણે અનુક્રમે બોલવું.

સર્વનામ.

સર્વનામ—જે શબ્દ નામને બદલે વપરાય છે તે શબ્દ ને સર્વનામ કહે છે; હું, તું, તે, આપણ, આપ, પોતે કોણ, શું.

૧ પુરૂષ વાચક સર્વનામ ત્રણ છે.

(૧) પહેલો પુરૂષ સર્વનામ, બોલનાર ધણી પોતાને વાસ્તે વાપરે છે. હું-અમે-આપણે.

(૨) બીજો પુરૂષ સર્વનામ, જેની સાથે વાત કરાય છે તેને માટે વપરાય છે. તું-તમે-આપ.

(૩) ત્રીજો પુરૂષ સર્વનામ જે ધણી વિષે વાત કરવામાં આવે છે તેને વાસ્તે વપરાય છે. તે-તેણી-તેઓ.

દરેક નામ ત્રીજા પુરૂષમાં ગણાય છે.

૨ **સ્વાર્થ સર્વનામ**—પોતે, દરેક પુરૂષમાં વાપરી શકાય છે; હું પોતે, તમે પોતે; તે પોતે, તેથી પોતે પડે એ સ્વવાચક એટલે સ્વાર્થ સર્વનામ કહેવાય છે. એક વચન અને બહુ વચનમાં સરખે રૂપે રહે છે.

૩ **પ્રશ્નાર્થ સર્વનામ**—સવાલ પુછવાના કામમાં આવે છે, જેમકે કોણ-કયો-શું.

૪ **સંબંધી સર્વનામ.**—જે-તે.

૫ **દર્શક સર્વનામ.**—આ-એ-તે-પેલો.

૬ **અનિશ્ચિત સર્વનામ**—કંઈ-કેટલું-કોઇ-સર્વ-દરેક—કેટલા એક—અમુક.

ત્રીજા, ચોથા, પાંચમા અને છઠા વર્ગનાં સર્વનામો કોઈ નામની જોડે આવેલા હોય ત્યારે તેઓ તેજ વર્ગના વિશેષણ કહેવાય છે.

પહેલો પુરૂષ.

વિ.	એકવચન.	બહુવચન.
૧	હું.	અમે.
૨	મને.	અમને.
૩	મેં.	અમે, અમોએ.
૪	મને, મારે માટે-સારૂ.	અમને, અમારે માટે-સારૂ.
૫	મારાથી-મજથી-થકી.	અમારાથી-અમથી-થકી.

૬	મારો—રી—રૂં—રાં.	અમારો—રી—રૂં—રાં.
૭	મારામાં—મજમાં.	અમારામાં—અમમાં.

બીજો પુરૂષ.

વિ.	એકવચન.	બહુવચન.
૧	તું.	તમે, તમો.
૨	તને.	તમને.
૩	તેં.	તમે, તમોએ.
૪	તને, તારે માટે, સારૂ.	તમોને, તમારે માટે—સારૂ.
૫	તારાથી—થકી.	તમથી—તમારાથી—થકી.
૬	તારો—રી—રૂં—રાં.	તમારો—રી—રૂં—રાં.
૭	તારામાં.	તમમાં, તમારામાં.

પહેલા અને બીજા પુરૂષમાં જાતીનો ફેર નથી.

પહેલા પુરૂષમાં અમે બોલનાર બહુવચનમાં વાપરે છે પણ જેની સાથે વાત કરતા હોય તેના સુદ્ધાં બોલવું હોય તો 'આપણે' એવું રૂપ વપરાય છે.

બીજા પુરૂષમાં 'આપ' તમે ને ઠેકાણે વધારે માન પૂર્વક રૂપ છે. આપણે અને આપ બહુવચનના રૂપો છે.

ત્રીજો પુરૂષ.

વિ.	એકવચન.	બહુવચન.
૧	તે.	તેઓ.
૨	તેને.	તેમને, તેઓને.
૩	તેણે.	તેઓએ, તેમણે.
૪	તેને માટે—સારૂ.	તેમને—તેઓને માટે, સારૂ.
૫	તેથી—તેનાથી—થકી.	તેઓથી—તેમનાથી—થકી.

૬ તેનો-ની-નું-ના. તેઓનો-તેમનો-ની-નું-ના.

૭ તેમાં. તેઓમાં, તેમનામાં.

ત્રીજા પુરૂષમાં 'તે' નું નારીજાતીનું રૂપ 'તેણી' થાય છે. સર્વનામનો પદચ્છેદ કરતી વેળાએ તે (૧) કેવું તે વર્ગ (૨) કઇ જાતી જે નામને ઠેકાણે તે વપરાયું હોય તે પ્રમાણે (૩) વિભક્તી (૪) વચન નામ પ્રમાણે એ પ્રમાણે અનુક્રમે બોલવું.

વિશેશણ.

વિશેશણ—જે શબ્દ નામ કે સર્વનામનો ગુણ, સંખ્યા વગેરે બતાવે છે તે શબ્દને વિશેશણ કહે છે, જેમકે સારો, બુરો, ખોટો, પાંચ, દશ, પચીશમો, થોડું, કંઇ, સઘળું, વગેરે.

વિશેશણ જે નામ અથવા સર્વનામને લાગેલું હોય તે **નામ** અથવા **સર્વનામ** તેનો વિશેષ્ય કહેવાય છે.

૧ **ગુણવાચક વિશેશણ.**—સારો, ઉંચો, જાડો. આ જાતનાં વિશેશણો તેના વિશેષ્યનો ગુણ બતાવે છે.

૨ **સંખ્યાવાચક વિશેશણ.**—બે, પાંચ, સો, છઠ્ઠો. આ જાતનાં વિશેશણ તેના વિશેષ્યની સંખ્યા બતાવે છે.

૩ **પ્રશ્નાર્થ વિશેશણ.**—કેવું-શું-કયું.

૪ **દર્શક વિશેશણ.**—એ-તે-પેલો-આ.

૫ **અનિશ્ચિત વિશેશણ.**—કંઇ, કેટલું, થોડું, સઘળું.

વિશેશણનો પદચ્છેદ કરતી વેળા (૧) કઇ જાતનું વિશેશણ અને (૨) તેનો વિશેષ્ય કોણ તે પ્રમાણે બોલવું.

ક્રિયાપદ.

ક્રિયાપદ.—ગતી દેખાડનારા શબ્દો ક્રિયાપદ છે, જે શબ્દમાં કોઇ પણ જાતની ક્રિયા એટલે મહેનત રહેલી હોય તેને

ક્રિયાપદ કહે છે, જેમકે લખવું, દોડવું, કરવું, બોલવું. એ શબ્દોમાં દોડવાની, કરવાની, બોલવાની ગતી ક્રિયા એટલે મહેનત છે.

ક્રિયાપદ ચાર જાતના છે. (૧) સકર્મક ક્રિયાપદ; (૨) અકર્મક ક્રિયાપદ; (૩) ભાવકર્તૃક ક્રિયાપદ અને (૪) અકર્તૃક ક્રિયાપદ.

૧ સકર્મક—કર્મવાળો. જે ક્રિયાપદમાં કર્તા અને કર્મ બંને જુદા જુદા હોય તે ક્રિયાપદને સકર્મક કહે છે, જેમકે હું ચોપડી વાંચું છું. એમાં વાંચવાની ક્રિયા નો કર્તા-હું-છે; ચોપડી એ કર્મ.

ક્રિયાપદને કોણ, કોણે, અથવા ક્રિયાપદના ધાતુને 'નાર' લગાડીને સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્તા.
ક્રિયાપદને શું, કોને અથવા ક્રિયાપદના ધાતુંને 'વાનુ' લગાડીને સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્મ.

૨ અકર્મક—કર્મ વગરનો. જે ક્રિયાપદમાં કર્તા હોય અને કર્મ નહીં હોય તેને અકર્મક ક્રિયાપદ કહે છે, જેમકે છોકરો દોડે છે. એમાં ક્રિયાનો કરનાર છોકરો કર્તા છે પણ ક્રિયાથી થયલું કાંઇ છે નહીં માટે દોડે છે અકર્મક છે.

ભાવકર્તૃક ક્રિયાપદ—એટલે જે ક્રિયાપદનો કર્તા જુદો લખેલો હોતો નથી પણ ક્રિયાપદના અર્થ ભાવમાંજ સમાયલો હોય છે તેવાં ક્રિયાપદોને ભાવકર્તૃક કહે છે, જેમકે પેટમાં દુ:ખે છે. એમાં દુખવાનો ભાવ દુઃખ છે. તે કર્તા છે.

અકર્તૃક ક્રિયાપદ.—એટલે જે ક્રિયાપદનો કર્તા ખુલ્લો લખવામાં આવતો નથી પણ વાકય અથવા ક્રિયાપદના અર્થ ઉપરથી શોધી શકાય છે તેવા ક્રિયાપદને અકર્તૃક કહે છે, જેમકે ગમે ત્યાં જા, જે જગ્યા ગમે ત્યાં જા; બને તે

ખરૂ, જે અને તે ખરૂં. કેટલાક ક્રિયાપદો સકર્મક અને અકર્મક બંને રીતે વપરાય છે, તેમને ઉભય પદી ક્રિયાપદ કહે છે, જેમકે છોકરો રમે છે એમાં રમે છે અકર્મક ક્રિયાપદ.

ક્રિયાપદનો ધાતુ.

ધાતુ—ક્રિયાપદનું ટુંકામાં ટુંકું રૂપ, જે પરથી ક્રિયાપદ બને છે, તે રૂપને ક્રિયાપદનો ધાતુ કહે છે, જેમકે લખે છે, ખાધું, ગયા, આવશે, એમાં લખ, ખા, આવ એ ધાતુ કહેવાય.

ક્રિયાપદનો ભેદ.

ભેદ એટલે ફરક.—માહેલી મતલબ.

ક્રિયાપદના ધાતુમાં ફેરફાર કીધાથી, તેના અર્થમાં (વલણમાં) જે ફેર પડે છે તેને **ભેદ** કહે છે.

ભેદ પાંચ છે.—મૂળભેદ, સહ્યભેદ, પ્રેરકભેદ, પ્રેરકસહ્યભેદ, અને શક્યભેદ.

૧ મૂળભેદ—ક્રિયાપદના ધાતુમાં કોઇ પણ ફેરફાર કર્યા વગર કાળ વગેરેના પ્રત્યય લગાડેથી મૂળભેદ થાય છે, જેમકે દોડ ધાતુનો વ. કા. દોડે છે; ભૂ. કા. દોડ્યો; ભ. કા. દોડશે.

૨ સહ્યભેદ—(કર્મકર્તરી) એ ભેદમાં ક્રિયાપદનો કર્મ, તે કર્તાની જગ્યાએ આવી, ક્રિયાપદના મૂળ રૂપમાં જે ફેરફાર કરે છે તેને સહ્યભેદ કહે છે, જેમકે કાગળ છોકરાથી લખાયો; પાણી છોકરાથી ઢોળાયું.

૩ પ્રેરકભેદ.—(પ્રેરણાસુચક). પ્રેરકભેદવાળાં ક્રિયાપદોમાં, ક્રિયાપદનો કર્તા પોતાનું કર્તાપણું કાયમ રાખી બીજા કોઇ સાધનથી ક્રિયા ચલાવે છે. આ ભેદમાં સાધારણ રીતે

ક્રિયાપદના ધાતુને આય, આવ, આડ વગેરે પ્રત્યયો લાગે છે, જેમકે વાંચ, વંચાવ તે પાઠ વંચાવે છે; ખા, ખવાડ, હું ખવાડું છું.

૪ **પ્રેરકભેદ અને સહ્યભેદ**—એનો સમાવેશ થયાથી પ્રેરકસહ્યભેદ થાય છે. મારાથી કામ કરાવાય છે.

૫ **શક્યભેદ.**—અકર્મક ક્રિયાપદના, સહ્યભેદ જેવાં રૂપને શક્યભેદ કહે છે, જેમકે મારાથી દોડાય છે.

ક્રિયાપદનો અર્થ.

અર્થભાવ—ક્રિયાપદ કેવા ભાવથી વપરાયું છે તેને અર્થ કહે છે. અર્થ ત્રણ છે:—(૧) નિશ્ચાર્થ, (૨) આજ્ઞાર્થ, (૩) સંશ્યાર્થ.

૧ **નિશ્ચયાર્થ**—નક્કીપણું બતાવે છે, થાય છે; થયું; થશે.

૨ **આજ્ઞાર્થ.**—હુકમ, વિનંતી, બેસી જાઓ; આપોતો ઠીક.

૩ **સંશ્યાર્થ.**—શક, શરત, જશે તો મળશે.

આજ્ઞાર્થ વર્તમાનકાળ ક્રિયાપદનો કર્તા બીજા પુરૂષમાં અધ્યહાર હોય ત્યારે વપરાય છે. બેશી જાઓ, વાંચો= તમે બેશીજાઓ; તમે વાંચો.

કૃદંત.

ક્રિયાપદમાં ફેરફાર કર્યાથી કે પ્રત્યય ઉમેર્યાથી, ક્રિયાપદનો નામ, વિશેષણ અને અવ્યય જેવો ઉપયોગ થઇ શકે છે. ક્રિયાપદના આ રૂપને કૃદંત એવું નામ આપેલું છે.

કૃદંત બે જાતના છે (૧) સકર્મક કૃદંત, (૨) અકર્મક કૃદંત. સકર્મક કૃદંતને કર્મ હોય છે પણ કર્તા નથી હોતો; અકર્મક કૃદંતને કર્મ હોય નહી. કૃદંતને કર્તા હોતો નથી.

૧ વર્તમાન કૃદંત.— લખતો-તી-તાં.
૨ ભૂત કૃદંત.—લખી-લખ્યો.
૩ ભવિષ્ય કૃદંત.—લખવાનો-ની-નું-ના.
૪ વિશેશ ભૂત કૃદંત.— લખેલો-લી-લું.
૫ કર્તૃવાચક કૃદંત.—લખનાર.
૬ સંબંધક કૃદંત.—લખીને, જઇને.
૭. સામાન્ય કૃદંત —લખવો-લખવું-લખવાં.

ક્રિયાપદનો કાળ.

કાળ (વખત) ક્રિયાપદથી જે બાબત દેખાડાય છે તે કયા વખતમાં થઇ, તે નક્કી કરવાને ક્રિયાપદના જુદા જુદા કાળ ઠરાવેલા છે. (૧) વર્તમાન, (૨) ભૂત, (૩) ભવિષ્ય. સાદા કાળ સાત છે.

વર્તમાનકાળ (ચાલતો).

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું લખું છું.	૧	અમે લખીએ છીએ.
૨	તું લખે છે.	૨	તમે લખો છો.
૩	તે લખે છે.	૩	તેઓ લખે છે.

અનિયમિત વર્તમાનકાળ.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું લખું.	૧	અમે લખીએ.
૨	તું લખે.	૨	તમે લખો.
૩	તે લખે.	૩	તેઓ લખે.

વિધિ વર્તમાનકાળ.

	નર.	નારી.	નાન્યતર.
એકવચન	લખવો	લખવી	લખવું.
બહુવચન	લખવા	લખવી	લખવાં.

ભૂતકાળ (ગયો).

	નર.	નારી.	નાન્યતર.
એકવચન	લખ્યો.	લખી.	લખ્યુ.
બહુવચન	લખ્યા.	લખી.	લખ્યાં.

અનિયમિત ભૂતકાળ.

	નર.	નારી.	નાન્યતર.
એકવચન.	લખતો.	લખતી.	લખતું.
બહુવચન	લખતા.	લખતી.	લખતાં.

સંકેત ભૂત.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	લખત.	૧	લખત.
૨	લખત.	૨	લખત.
૩	લખત.	૩	લખત.

ભવિષ્યકાળ (આવતો).

પુરૂષ.	એકવચન.	પુરૂષ	બહુવચન
૧	હું લખીશ.	૧	અમે લખીશું.
૨	તું લખશે.	૨	તમે લખશો.
૩	તે લખશે.	૩	તેઓ લખશે.

પૂર્ણ વર્તમાનકાળ.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	મેં લખ્યું છે.	૧	અમે લખ્યું છે.
૨	તેં લખ્યું છે.	૨	તમે લખ્યું છે.
૩	તેણે લખ્યું છે.	૩	તેઓએ લખ્યુ છે.

પૂર્ણ ભૂતકાળ.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	મેં લખ્યું હતું.	૧	અમે લખ્યું હતું.
૨	તેં લખ્યું હતું.	૨	તમે લખ્યું હતું.
૩	તેણે લખ્યું હતું.	૩	તેઓએ લખ્યું હતું.

પુર્ણ ભવિષ્ય.

પુરૂષ.	એકવચન,	પુરૂષ.	બહુવચન.
૧	મેં લખ્યું હશે.	૧	અમે લખ્યું હશે.
૨	તેં લખ્યું હશે.	૨	તમે લખ્યું હશે.
૩	તેણે લખ્યું હશે.	૩	તેણે લખ્યું હશે.

ચાલુ ભૂત.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું લખતો હતો.	૧	અમે લખતા હતા.
૨	તું લખતો હતો.	૨	તમે લખતા હતા.
૩	તે લખતો હતો.	૩	તેઓ લખતા હતા.

ચાલુ ભવિષ્ય.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું લખતો હઇશ.	૧	અમે લખતા હોઇશું
૨	તું લખતો હશે.	૨	તમે લખતા હશો.
૩	તે લખતો હશે.	૩	તેઓ લખતા હશે.

ઉપરના નમુના પ્રમાણે દરેક ભેદના કોઇપણ ક્રિયાપદને દરેક કાળનાં રૂપ આપી શકાય છે.

સહ્યભેદ.	પ્રેરકભેદ.
મારાથી લખાય છે.	તેણે લખાવ્યું છે.
તારાથી કામ કરાયું.	અમે કામ કરાવ્યું

હો ધાતુનાં રૂપો.

વર્તમાન કાળ.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું છું.	૧	અમે છીએ.
૨	તું છે.	૨	તમે છો.
૩	તે છે.	૩	તેઓ છે.

ભૂતકાળ.

પુરૂષ.	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું હતો.	૧	અમે હતા.
૨	તું હતો.	૨	તમે હતા.
૩	તે હતો.	૩	તેઓ હતા.

ભવિષ્યકાળ.

પુરૂષ	એકવચન.	પુરૂષ.	બહુવચન.
૧	હું હોઇશ.	૧	અમે હોઇશું.
૨	તું હશે.	૨	તમે હશો.
૩	તે હશે	૩	તેઓ હશે.

ક્રિયાપદના ક્રિયાનાથ અને પ્રયોગ.

ક્રિયાપદને જે શબ્દનાં જાતીવચન લાગ્યાં હોય તે શબ્દ ક્રિયાપદનો ક્રિયાનાથ કહેવાય છે.

કોઇ વખતે ક્રિયાનાથ કર્તા, કોઇ વખતે કર્મ, અને કોઇ વખત ક્રિયાનો ભાવ પણ હોય છે, તે ઉપરથી ક્રિયાપદના જુદા જુદા પ્રયોગ થાયછે. તેમના નામ (૧) કર્તરી, (૨) કર્મણી, (૩) ભાવે.

૧ કર્તરી પ્રયોગ—જ્યારે ક્રિયાપદને કર્તાના જાતિવચન લાગ્યાં હોય ત્યારે કર્તરી પ્રયોગ. અકર્મક અને સકર્મક બંનેમાં આવે છે. છોકરો કાગળ વાંચેછે-વાંચેછે=કર્તરી.

૨ કર્મણી પ્રયોગ.—જ્યારે ક્રિયાપદને કર્મનાં જાતી વચન લાગ્યાં હોય ત્યારે કર્મણી પ્રયોગ થાયછે. સકર્મક ક્રિયાપદ ભૂતકાળમાં હોય ને કર્તા ત્રીજીમાં અથવા ક્રિયાપદ વિધિ વર્તમાનકાળમાં હોય ત્યારે કર્મણી પ્રયોગ, જેમકે છોકરાએ કામ કીધું-ક્રિયાનાથ કામ કર્મછે, માટે કર્મણી; તમારે કામ કરવું; એમાં પણ ક્રિયાનાથ કર્મછે માટે કર્મણી.

૩ ભાવે પ્રયોગ.—જ્યારે અકર્મક ક્રિયાપદનો કર્તા પાંચમી વિભક્તી હોય, અને ક્રિયાનાથ ભાવ હોય ત્યારે ભાવે પ્રયોગ થાયછે, જેમકે મારાથી બેસાયું નહીં.

સહાભેદમાં કર્મ, કર્તા બનેછે તેથી તે કર્તરીમાંજ લેવાનો દસ્તુર છે.

ક્રિયાપદનો પદચ્છેદ કરતી વખતે-૧ ક્રિયાપદની જાત. (૨) ધાતુ, (૩) ભેદ, (૪) અર્થ, (૫) કાળ, (૬) ક્રિયા-નાથ (૭) પ્રયોગ એ પ્રમાણે અનુક્રમે બોલવું.

અવ્યય.

અવ્યય.—(વધઘટ વગરનો) જે શબ્દના ઘણાં ખરાં રૂપોમાં વધારો ઘટાડો ન થતાં, વાક્ય રચનામાં એકસરખે રૂપે આવી શકે છે તેવા શબ્દોનું અવ્યય એવું નામ આપ્યું છે, જેમકે અને, તથા, કે, જો, પણ, પાસે. ઉપર, પછી.

અવ્યયો ચાર જાતનાં છે: (૧) શબ્દયોગી-નામયોગી, (૨) ઉભયાન્વયી-વાક્યયોગી, (૩) ક્રિયા વિશેશણ, (૪) કેવળપ્રયોગી—ઉદગાર.

શબ્દયોગી અવ્યય.

૧ **શબ્દયોગી.**—નામયોગી અવ્યય, નામ અથવા સર્વનામ-ની સાથે સંબંધમાં રહી, વાકયમાં વપરાય છે, અને જે નામ કે સર્વનામ સાથે સંબધમાં હોય છે તેને વિભક્તીનો પ્રત્યય લગાડી અથવા અધ્યહાર રાખી, વાકય રચનામાં મદદ કરે છે, જેમકે વિના, આગળ, પર, શીવાય, કને, ગમ, જોડે, પાસે વગેરેની સાથે છઠ્ઠી વિભક્તીનો પ્રત્યય લેવાય છે; માટે, કાજે, લીધે, બદલે, વગેરેની સાથે ચોથી વિભક્તીનો પ્રત્યય લેવાય છે. જેમકે છાપરાપર=છાપરાની ઉપર; ઘર મધ્યે=ઘરની મધ્યે છોકરાં; વાસ્તે=છોકરાને વાસ્તે; ચોપડી બદલે=ચોપડીને બદલે; કરીને કૃદંતનો અર્થ નામનો એવો થાય છે ત્યારે તે શબ્દયોગી અવ્યય ગણાય છે, જેમકે મોતી કરીને એક છોકરો હતો. કરતાનો અર્થ "થી" થતો હોય તો તે શબ્દ શબ્દયોગી અવ્યય કેહેવાય છે, જેમકે તે છોકરા કરતાં આ છોકરો સારો છે એટલે તે છોકરા થી આ છોકરો સારો છે. આ વાકયમાં કરતાં શબ્દયોગી અવ્યય છે.

ઉભયાનવયી અવ્યય.

૨ **ઉભયાનવયી.**—વાકયયોગી અવ્યય એ વાકયો, શબ્દો અથવા તો વાકયના વિભાગોને જોડે છે, જેમકે સારૂં કે નઠારૂં; ચોરી કરવી ને જુઠું બોલવું તેથી ખોટ ખમવી તે સારૂં. પણ—તો (ઉભયાનવયી છે) જયારે તેનો અર્થ સુદ્ધાં—વળી થાય ત્યારે ક્રિયા વિશેશણ છે.

૩ **ક્રિયા વિશેશણ અવ્યય.**—ક્રિયાપદ, વિશેશણ અથવા તો અવ્યયની સાથે સબંધ રાખનારા અવ્યયને ક્રિયા વિશે-

શણ અવ્યય કહે છે. આ અવ્યયો બીજી ઘણી રીતે વપરાય છે.

સ્થળ (જગ્યા બતાવનાર) ઉંચે, નીચે, ઉપર.

સમય (વખત બતાવનાર) પહેલાં, પછી, જ્યારે, ત્યારે.

રીત બતાવનાર જેમ, તેમ, કેમ.

તુલના (સરખામણી) વધારે, જેટલું, તેટલું, એટલું.

નિષેધાર્થ (નકાર બતાવનાર) ના, નહીં, મા.

સ્વિકારવાચક હા, ઠીક, વારૂ, સારૂ,

નિશ્ચયાર્થ જ, માત્ર.

કેવળ પ્રયોગી અવ્યય.

૪ **કેવળ પ્રયોગી અવ્યય**—ઉદ્ગાર એટલે એકાએક ખુશાલી અજાએબી કે દુઃખ કે તિરસ્કાર વખતે જે ઉચ્ચારણો (શબ્દો) નીકળી જાય છે તેમને કેવળ પ્રયોગી અવ્યય કહે છે, જેમકે, અરે, ઓહો, અધધધ, બાપરે, શાબાશ, ધન્યધન્ય, વાહવાહ, છટ.

વિભક્તી વીશે વધુ વિચાર.

૧ પહેલી વિભકતીમાં આવનાર શબ્દો.

૧ કર્તરી પ્રયોગનો કર્તા.

૨ કર્તાનો સમાનાર્થ શબ્દ.

૩ ક્રિયાપૂર્ણી.

૪ સંબોધનાર્થ શબ્દ.

૫ સહ્યભેદમાં કર્તા (ખરો કર્મ).

આ વિભકતીમાં પ્રત્યય નથી.

૨ બીજી વિભક્તીમાં આવનાર શબ્દો.

૧ કર્તરી અથવા તો કર્મણી પ્રયોગમાં (ઉપસ્થ) કર્મ.

૨ ભરત, માપ, પરીમાણ.

૩ કૃદંતનો કર્મ (ઉપસ્થ).

આ વિભક્તીમાં કોઇ વખતે ને પ્રત્યય લાગે છે ને કોઇ વખતે પ્રત્યય લાગતો નથી.

૩ ત્રીજી વિભક્તીમાં આવનારા શબ્દો.

૧ કર્મણી પ્રયોગમાં કર્તા.

૨ સાધન બતાવનાર લાકડીએ.

૩ કારણ તાવે.

ત્રીજીનો પ્રત્યય એ છે.

૪ ચોથી વિભક્તીમાં આવનારા શબ્દો.

૧ અનુપસ્થ કર્મ, જેમકે મેં છોકરાને ચોપડી આપી એમાં ચોપડી ઉપસ્થ કર્મ બીજીમાં અને છોકરાને અનુ-સ્થ કર્મ ચોથીમાં આવે છે.

૨ ભાવકર્તક, અકર્તક, અને અપૂર્ણ ક્રિયાપદોનો અર્થ પૂરો બતાવવાને વપરાય છે, મને ભાસે છે; તને દુખે છે; મને કલમ જોઇએ.

ચોથીનો પ્રત્યય, ને, માટે, સારૂ વગેરે છે.

૫ પાંચમી વિભક્તીમાં આવનારા શબ્દો.

૧ ભાવે પ્રયોગમાં અકર્મકનો કર્તા.

૨ શક્ય ભેદમાં અકર્મકનો કર્તા.

૩ તફાવત, સરખામણી, પ્રમાણ બતાવવામાં

આ વિભક્તીના પ્રત્યય થી, થકી, વડે છે.

૬ છઠ્ઠી વિભક્તીમાં આવનારા શબ્દો.

૧ કબજો, દેશનો રાજો.

૨ સંબંધ, કાચના વાસણ.

૩ સગપણ, બાપનો દીકરો.

૪ મૂળ કારણ, રોગના ભોગ.

૫ શબ્દપયોગી અવ્યય સાથે આવનારા શબ્દો, ટેબલપર.

આ વિભક્તીના પ્રત્યય નો–ની–નું–રો–રી–રું–ણો–ણી–ણું–તણો–કેરો છે.

૭ સાતમી વિભકતીમાં આવનારા શબ્દો.

૧ જગ્યા, અમદાવાદ ગયો.

૨ વખત, પાંચ દિવસે પહોંચ્યો.

૩ કીંમત, આને વાર.

સાતમી વિભક્તીનો પ્રત્યય માં–એ છે.

પદચ્છેદની રીત.

મારા ભાઇએ ખાવું ખાધું. હમણા તે પાણી પીએછે અને ત્યારપછી પાનસોપારી ખાશે. તે ગયા માસમાં પુને ગયો હતો, હાલ તે અમદાવાદ ગયો છે. ત્યાંથી વિરમગામ ગયો હશે. આવતા માસમાં તે મદરાસ જવાનો છે. અમો કાલે વાલકેશ્વર જતા હતા. તેઓ વાલકેશ્વરથી પાછા આવતા હશે. તમારે ઇશ્વરને ચહાવો જોઇએ. તમને ઘટેછે કે રોજ તમારા માબાપની સેવા કરવી. જો તમે મને રૂપિઓ આપત તો હું તમને મારી ચોપડી વેચાતી દેત. મને લાગેછે કે તે જૂઠો છે. જે માણસ જૂઠું બોલે તેને આપણે માન આપવું નહીં. હવે ચોમાસુ પુરૂ થયું છે. વરસાદ બંધ થયાથી વહાણો ચાલશે. મારા

બાપને ચાર છોકરાં છે. મારા બાપ પોતાની હયાતીમાં હમેશાં એક સાધુને ખવડાવીને પછી પોતે જમતા કેવી સારી ટેવ! ચાલો, આપણે કોટમાં જઇએ. સાચું બોલો, સારા થાઓ, તમારી આબરૂ જગતમાં વધશે.

મારા=પ૦ પુ૦ સ૦ નર૦ છઠ્ઠી-એક૦

ભાઇએ=સા૦ ના૦ નર૦ કર્તાર્થે ત્રી૦ એક૦ ખાધું ક્રિ-કર્તા.

ખાવું=સા૦ ના૦ નાન્ય૦ કર્માર્થે બી૦ એ૦ ખાધું ક્રિ, કર્મ.

ખાધું=સ૦ ક્રિ૦ ખા ધાતુ૦ મૂળ ભે૦ નિશ્ચયાર્થ ભૂ૦ કર્તા
ભાઇએ કર્મ ખાવું, ક્રિયાનાથ કર્મ-કર્મણી.

હમણા=વ૦ બ૦ ક્રિ૦ વિ૦ અવ્યય.

તે=ત્રી૦ પુ૦ સ૦ નર૦ કર્તાર્થે-પહેલી-એક૦.

પાણી=સા૦ ના૦ નાન્ય૦ કર્માર્થે-બી૦ એ૦.

પીએછે=સ૦ ક્રિ૦ પી ધાતુ૦ મ૦ ભે૦ નિશ્ચયાર્થ વર્ત૦ કર્તા
તે, કર્મ પાણી, ક્રિયાનાથ કર્તા-કર્તરી.

અને=ઉભયાનવી અ૦.

ત્યારપછી=વ૦ બ૦ ક્રિ૦, વિ૦ અ૦.

પાનસોપારી=સા૦ ના૦, નાન્ય૦, કર્માર્થે બી. બ૦.

ખાશે=સ૦ ક્રિ૦, ખા ધાતુ, મૂ૦ ભે૦, નિશ્ચાર્થ ભવિષ્ય,
કર્તા તે, કર્મ પાનસોપારી, ક્રિયાનાથ-કર્તા કર્તરી.

તે=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ એક૦.

ગયા=કૃદંત, વિ૦ એનો વિશેષ્ય માસમાં.

માસમાં=સા૦ ના૦, નર૦, સાત૦ એક૦.

પૂર્ણે=વિ૦ ના૦, નાન્ય૦, સ્થળાર્થે સાતમી૦ એક૦.

ગયોહતો=અ૦ ક્રિ૦, જા ધાતુ, મૂ૦ ભે૦, પુ૦ ભૂ૦ કર્તા,
તે કર્તરી.

હાલ=વ૦ બ૦ ક્રિ૦ વિ૦ અ૦.

તે=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ એક૦.
અમદાવાદ=વિ૦ ના૦, નાન્ય૦, સ્થળાર્થે સાતમી૦ એક૦.
ગયો છે=અ૦ ક્રિ૦, જા ધાતુ, મૂ૦ ભે૦, પૂ૦ વ૦ કર્તા, તે ક્રિ૦ કર્તા, કર્તરી.
ત્યાંથી=હે૦ બ૦ ક્રિ૦ વિ૦ અવ્ય૦.
વિરમગામ= વિ૦ ના૦, નાન્ય૦, સ્થળાર્થે સાતમી૦ એક૦.
ગયો હશે=અ૦ ક્રિ૦, જા ધાતુ, મૂ૦ ભે૦, પૂ૦ ભવી૦ કર્તા તે, કર્તરી.
આવતા=કૃદંત વિશેષણ, એનું વિશેષ્ય માસમાં.
માસમાં=સા૦ ના૦, નર૦, સાતમી૦ એક૦.
તે=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ એક૦.
મદ્રાસ=વિ૦ ના૦, નાન્ય૦, સ્થળાર્થે સાતમી૦.
જવાનો=ભવિષ્ય કૃદંત.
છે=અ૦ ક્રિ૦, છે ધાતુ, મૂ૦ ભે૦, નિશ્ચા૦ વ૦, કર્તા તે કર્તરી.
અમો=પ૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦, બહુ૦.
વાલકેશ્વર=વિ૦ ના૦ નર૦, સ્થળાર્થે સાતમી૦.
જતા હતા=અ૦ ક્રિ૦, જા ધાતુ, મૂ૦ ભે૦, ચા૦ ભૂ૦, કર્તા અમો, કર્તરી.
તેઓ=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ બહુ૦.
વાલકેશ્વરથી=વિ૦ ના૦, નર૦, પાંચ૦ એક૦.
પાછા=વ૦ બ૦ ક્રિ૦ અ૦
આવતા હશે=અ૦ ક્રિ૦, આવ ધાતુ૦, મૂ૦ ભે૦, ચા૦ ભૂ૦ કરતા તેઓ.
તમારે=બી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે ત્રી૦ બ૦.
ઇશ્વરને=વિ૦ ના૦ નર૦, કર્માર્થે બી૦ એ૦.

ચહાવો જોઇએ=સ૦ ક્રિ૦, ચહા૦ ધાતુ૦ મૂ૦ ભે૦, આજ્ઞા૦ વ૦ કર્તા તમારે કર્મ ઇશ્વરને, ક્રિયાનાથ કર્મ કર્મણી.

તમને=બી૦ પુ૦ સ૦, નુર૦, ચોથી૦ બહુ૦.

ઘટે છે=અ૦ ક્રિ૦ ઘટ ધાતુ મૂ૦ ભે૦ નિશ્ચાર્થ વર્તમાન કર્તા પાછલું વાકય માબાપ=કરવી.

કે=ઉ૦ અ૦.

રોજ=વ૦ બ૦ ક્રિ૦ અ૦.

તમારા=બી૦ પુ૦ સ૦, નર૦ છઠી૦ બહુ૦.

માબાપની=સા૦ ના૦, સામા૦ છઠી૦ બહુ૦.

સેવા=ભા૦ ના૦ નારી૦ કર્માર્થે બી૦ એક૦.

કરવી=સ૦ ક્રિ૦ કર ધાતુ મૂ૦ ભે૦ વિધિ વ૦ કર્તા તમોએ અધ્યહાર કર્મ સેવા ક્રિ૦ કર્મ કર્મણી.

જો=ઉ૦ અ૦

તમે=બી૦ પુ૦ સ૦ નર૦ કર્તા પહે૦ બહુ૦.

મને=પ૦ પુ૦ સં૦ નર ચોથી એક૦ (અનુ)

રૂપીઓ=સા૦ ના૦ નર૦ કર્માર્થે બી૦ એક૦.

આપત=સ૦ ક્રિ૦ આપ ધાતુ મૂ૦ ભે૦ સંકેતાર્થ ભૂત૦ કર્તા તમે કર્મ (ઉપસ્થ) રૂપીઓ (અનુપસ્થ) મને સ૦ કર્તરી.

તો=ઉ૦ અ૦

હું=પ૦ પુ૦ સ૦ નર૦ કર્તાર્થે પહે૦ એક૦.

તમને=બી૦ પુ૦ સ૦ નર૦ ચોથી (અનુસ્થ) બહુ૦.

મારી=પ૦ પુ૦ સ૦, નર૦, છઠી એક૦.

ચોપડી=સા૦ નારી૦, કર્માર્થે બી૦ એક૦.

વેચાતી દેત=સ૦ ક્રિ૦, વેચ ધાતુ મૂ૦ ભે૦, સં૦ ભૂ૦ કર્મ ચોપડી.

મને=૫૦ પુ૦ સ૦, નર૦, ચો૦ એક૦ (કર્તાર્થે પણ લેવાય.)
લાગેછે=અ૦ ક્રિ૦, લાગ લાતુ મૂ૦ ભે૦ નિશ્ચાર્થ વર્ત૦, કર્તા (લાગવાતુ) તે, જુઠો છે.
કે=ઉ૦ અ૦.
તે=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ એક૦.
જૂઠો=સા૦ નામ૦, નર૦, તેના સમાનાર્થે પહે-એક૦.
છે=અ૦ ક્રિ૦, હો ધાતુ૦ મૂ૦. ભે૦ નિશ્ચાર્થ વ૦ કર્તા તે-કર્તરી,
જે=સં૦ વિ૦, એનો વિશેષ્ય માણસ.
માણસ=સા૦ ના૦, નર૦, કર્તાર્થે પહે૦ એક૦.
જુઠું=ભા૦ ના૦, નાન્ય૦ કર્માર્થે બી૦ એક૦.
બોલે= સ૦ ક્રિ૦, બોલ ધાતુ. મૂ૦. ભે૦ અનિ૦ વ૦ કર્તા માણસ કર્મ જૂઠુ સા૦ કર્તરી.
તેને=ત્રી૦ પુ૦ સ૦ નર૦ ચોથી૦ એક૦. (અનુપસ્થ)
આપણે=૫૦ પુ૦ સા૦, નર૦, કર્તાર્થે ત્રી૦ બહુ૦.
માન=ભા૦ ના૦, નાન્ય કર્માર્થ બી૦ એક૦.
આપવું=સ૦ ક્રિ૦, આપ ધાતુ, વિધી૦, વ૦ કર્તા આપણે કર્મ માન, ક્રિયાનાથ કર્મ, કર્મણી પ્ર૦
નહી=નિષેધાર્થ ક્રિ૦, અ૦.
હવે=વ૦ બ૦ ક્રિ૦ અ૦.
ચોમાસું=સા૦ ના૦, નાન્ય૦, કર્તા પહે૦ એક૦.
પૂરૂં થયું છે=અ.૦. ક્રિ૦, થા ધાતુ. મૂ૦ ભે૦, પૂ૦ વ૦ કર્તા ચોમાસુ કર્તરી.
વરસાદ=સા૦ ના૦, નર૦, કેવળપ્રયોગી પ્રથમા.
બંધ થવાથી=કૃ૦ ના૦, નાન્ય૦ પાંચ૦ એક૦.
વહાણો=સા૦ ના૦, નાન્ય૦, કર્તાર્થે પહે૦ બહુવચન.

ચાલશે=અ૦ ક્રિ૦, ચાલ ધાતુ, મૂ૦ ભે૦ ભવિ૦, કર્તા
વહાણો કર્તરી.
મારા=પહે૦ પુ૦ સ૦ નરૂ૦, છઠી૦ એક૦.
બાપને=સા૦ ના૦ નર૦, ચોથી૦ એક૦.
ચાર=સં૦ વા૦ વિ૦, એનો વિશેષ્ય છોકરાં.
છોકરાં=સા૦ ના૦, સા૦ જા૦, કર્તાર્થે પહે૦ બહુ૦.
છે=અ૦ ક્રિ૦, હો૦ ધા૦, મૂ૦ ભે૦, નિશ્ચાર્થ વ૦,
કર્તા છોકરાં.
મારા=પહે૦ પુ૦ સ૦, નર૦, છ૦ એક.
બાપ=સા૦ ના૦ નર૦, કર્તાર્થે પહે૦ બહુ૦ (માનાર્થે)
પોતાની=સ્વાર્થ સ૦ નર૦, છઠી૦ એક૦.
હયાતીમાં=ભા૦ ના૦ નારી૦ સાતમી૦ એક૦.
હમેશાં=વ૦ ક્રિ૦ અ૦.
એક=સં૦ વા૦ વિ૦ એનો વિશેષ્ય સાધુને.
સાધુને=સામાન્ય નામ નર૦ કર્માર્થ બીજી૦ એક૦.
ખવરાવીને=કૃ૦ અ૦.
પછી=વ૦ ક્રિ૦ અ૦.
પોતે=સ્વાર્થ સ૦, નર૦, બાપના સમાનાર્થે પહે૦ એક૦.
જમતા=અ૦ ક્રિ૦ જમ ધાતુ મૂ૦ ભે૦ અનિયમીત ભૂતકાળ,
કર્તા બાપ કર્તરી.
કેવી=પ્રશ્નાર્થ વિ૦ વિ૦ ટેવ.
સારી=ગુ૦ વા૦ વિ૦ વિ૦, ટેવ.
ટેવ=ભા૦ ના૦, નારી, પેહેલીનું એકવચન.
ચાલો=અ૦ ક્રિ૦ ચાલ ધાતુ. મૂ૦ ભે૦ આજ્ઞાર્થ વ૦ કર્તા
તમે અધ્યહાર.
આપણે=પ૦ પુ૦ સ૦, નર૦, કર્તાર્થે પહે૦ બ૦.

કોટમાં=વિ૦ ના૦, નર૦, સાત૦ એક૦.

જઇએ=અ૦ ક્રિ૦, જા ધાતુ મૂ૦ ભે૦, અનિ૦ વર્ત૦, કર્તા આપણે કર્તરી.

સાચું=ભા૦ ના૦, નાન્ય૦, કર્માર્થ બીજી૦ એક૦.

બોલો=સ૦ ક્રિ૦, બોલ ધાતુ મૂ૦ ભે૦, આજ્ઞાર્થ વર્ત૦, કર્તા તમે અધ્યહાર, કર્મ સાચું કર્તરી.

સારા=ગુ૦ વિ૦, એનો વિશેષ્ય તમે અધ્યહાર.

થાઓ=અ૦ ક્રિ૦, થા ધાતુ મૂ૦ ભે૦ આજ્ઞાર્થ વર્ત૦ કર્તા તમે અ૦ કર્તરી.

તમારી=બી૦ પુ૦ સ૦, નર૦, છઠી૦ બહુ૦.

આબરૂ=ભા૦ ના૦ નારી૦, કર્તાર્થે પહે૦ એક૦.

જગતમાં=સા૦ ના૦, નારી૦, સાતમી૦ એક૦.

વધશે=અ૦ ક્રિ૦, વધ ધાતુ મૂ૦ ભે૦ નિશ્ચાર્થ ભવીષ્ય કર્તા આબરૂ કર્તરી.

જુઠું બોલી છેતરશો તો અગાઉ એક ગુનો હતો તે તેથી બે થશે.

જુઠું=ભાવવાચક નાન્યતર જાતી કર્માર્થે બીજીનું એક વચન—બોલી કૃદંતનો કર્મ.

બોલી=કૃદંત અવ્યય.

છેતરશો=સકર્મક ક્રિયાપદ. છેતર ધાતુ, મૂળભેદ, શક્યાર્થ ભવિષ્ય કાળ, કર્તા તમે અધ્યહાર, કર્મ કોઇને અધ્યહાર, ક્રિયાનાથ કર્તા—માટે કર્તરી પ્રયોગ.

તો=ઉભયાનવી અવ્યય.

અગાઉ=સમયાર્થે બતાવનાર ક્રિયાવિશેશણ અવ્યય.

એક=સંખ્યા વાચક વિશેશણ એનો વિશેષ્ય ગુનો (નરજાતી પહેલીનું એકવચન).

ગુનો=(ભાવવાચક) સામાન્યનામ નરજાતી કર્તાર્થે પહેલીનું એકવચન ક્રિ૰ હતોનો કર્તા.

હતો અકર્મક ક્ર૰ હો ધાતુ મૂળભેદ નિશ્ચયાર્થ ભુતકાળ કર્તા ગુનો ભૂતકાળ કર્તા ગુનો, ક્રિયાનાથ કર્તા-કર્તરી

તે=ત્રી૰ પુ૰ સર્વનામ નરજાતિ૰ કર્તાર્થે પહેલીનું-એક૰

તેથી=ત્રીજો પુ૰ સ૰ નામ નાન્ય૰ પાંચમી૰ એક૰

બે=સંખ્યા સંધાર્થ વિશે૰ એનો વિ૰ ગુના (બેવડો).

થશે=અ૰ ક્રિ૰ થા ધાતુ૰ મૂ૰ ભે૰ નિશ્ચયાર્થ ભ૰ કાળ૰ કર્તાતે ક્રિયાનાથ કર્તા કર્તરી.

રાત દહાડો મળીને જેટલું દૂધ નીકળતું તે પીને અમે જીવતાં, એ બકરી બહુ સારી, હજુ અમે એને ઘણી ચાહીએ છીએ.

રાત દહાડો=સામાન્ય૰ નામ સા૰ જાતી૰ સમય દેખાડવા અર્થે બીજીનું બહુવચન.

મળીને=કૃદંત અવ્યય.

જેટલું=અનિશ્ચિત વિ૰ એનો વિશેષ્ય દૂધ.

દૂધ=પદાર્થ સુચક નાંમ નાન્યતર જાતી કર્તાર્થે. પ૰ એ૰.

નીકળતું=અ૰ ક્રિ૰ નીકળ ધાતુ મૂ૰ ભે૰ અનિશ્ચયાર્થ અનિયમીત ભૂ૰ કાળ કર્તા દૂધ ક્રિયાનાથ કર્તા-કર્તરી.

તે=ત્રી૰ પુ૰ સ૰ નાન્ય૰ કર્માર્થ બી૰ એક૰.

પીને=કૃ૰ અવ્યય.

અમે=પહેલો પુ૰ સ૰ સા૰ જાતી કર્તાર્થે પહેલી૰ બહુ૰

જીવતાં=અ. ક્રિ૰ જીવ ધાતું, મુળભેદ નિશ્ચયાર્થ અનીયમીત ભૂત૰ કર્તા અમે ક્રિયાનાથ કર્તા-કર્તરી.

એ=દર્શક વિ૰ એનો વિશેષ્ય બકરી.

બકરી=સામાન્ય નામ નારીજાતી કર્તાર્થે પહેલી૦ એક૦ હતી
ક્રિ૦ અધ્યહાર.

બહુ=ક્રિ૦ વિ૦ અવ્યય.

સારી=ગુ૦ વા૦ વિ૦ એનો વિશેષ્ય બકરી.

હજુ=સમય સુચક ક્રિ૦ વિ૦ અ૦

અમે=પ૦ પુ૦ સ૦ સા૦ જા૦ કર્તા પહે૦ બહુ૦.

એને=દર્શક સર્વ૦ નારી૦ કર્માર્થે બીજીનું એક.

ઘણી=ક્રિ૦ વિ૦ અવ્યય. (તુલના).

ચાહીએ છીએ=સ૦ ક્રિ૦ ચાહ ધાતુ મૂ૦ ભે૦ નિશ્ચયાર્થ
વર્તમાન કર્તા અમે, કર્મ એને ; ક્રિયાનાથ કર્તા–કર્તરી.

જોસફની બાયડી બોલી કે જ્યારે મારો ધણી છાપરે ચઢેલો હતો, ત્યારે બરફનો એક ડુંગર ઢળી પડતો મેં સાંભળ્યો.

જોસફની=વિ૦ ના૦ નર૦, છઠ્ઠીનુ એકવચન.

બાયડી=સા૦ ના૦ નારી૦, કર્તાર્થે પહેલી૦ એક૦, બોલી
ક્રિ૦ કર્તા.

બોલી=સ૦ ક્રિ૦, બોલ ધાતુ મૂ૦ ભે૦ નિશ્ચયાર્થ ભૂ૦ કર્તા
બાયડી, કર્મ જ્યારે મારો ધણી. . . . સાંભળ્યો
ક્રિયાના કર્તા–કર્તરી.

કે=ઉભયાનવી અ૦.

જ્યારે=સમયાર્થે ક્રિ૦ વિ૦ અ૦.

મારો=પ૦ પુ૦ સર્વ૦, નારી૦, છઠ્ઠી૦ એક૦.

ધણી=સા૦ ના૦, નર૦, કર્તાર્થે પહેલી૦ એક૦.

છાપરે=સા૦ ના૦, નાન્ય૦, (સ્થળાર્થે) સાતમી૦ એક૦.

ચઢેલો હતો=અ૦ ક્રિ૦, ચઢ ધાતુ, મૂ૦ ભે પૂ૦ ભૂ૦
નિશ્ચાર્થે, કર્તા ધણી ક્રિ૦ કર્તા કર્તરી.

ત્યારે=સમયાર્થ ક્રિ૦ વિ૦ અ૦.

બશ્પનો=પદાર્થ સુચક ના૦ નાન્ય૦ છઠ્ઠી એક૦.
એક=સંખ્યા વિ૦ એનો વિશેષ્ય ડુંગર.
ડુંગર=સા૦ ના૦ નર૦, બી૦ એક૦.
ઢળીપડતો=વર્તમાન કૃદંત.
મેં=૫૦ પુ૦ સ૦, નારી કર્તાર્થે ત્રી૦ એક૦,
સાંભળ્યો=સ૦ ક્રિ૦, સાંભળ ધાતુ મૂ૦ ભે૦ નિશ્ચાર્ત ભૂ૦
કર્તા મેં, કર્મ ડુંગર, ક્રિયાનાથ કર્મ કર્મણી.

જ્યારે તમારો કાંઇ વાંક પડે ત્યારે તમારાં માબાપથી કે મહેતાજીથી તે છાનો રાખવાને જુઠું બોલી તેમને છેતરવાનું તમને મન થશે, પણ હંમેશ એવી વેળાએ મન સાવધ રાખી એવાં દુષ્ટ કર્મથી વેગળા રહો.

જ્યારે=સ૦ સુ૦ ક્રિ૦ વિ૦ અવ્ય૦.
તમારો=બી૦ પુ૦ સ૦, સામા૦ છઠી૦ બહુ૦.
કાંઇ=અનિશ્ચિત વિ૦ એનો વિશેષ્ય વાંક.
વાંક=સા૦ ના૦, નર૦, કર્તાર્થે પહેલી૦ એક૦.
પડે=અ૦ ક્રિ૦, પડ ધાતુ, મૂ૦ ભે૦, શક્યાર્થ અનિયમિત
વર્ત૦, કર્તા વાંક, ક્રિયાના કર્તા કર્તરી.
ત્યારે=સ૦ સુ૦ ક્રિ૦ વિ૦ અવ્ય૦.
તમારાં=બી૦ પુ૦ સ૦, સામા૦ જા૦, છ૦ બ૦.
માબાપથી= સા૦ ના૦, સા૦ જા૦, પાં૦ બહુ૦.
કે=ઉભયાનવી અ૦.
મહેતાજીથી=સા૦ ના૦, નર૦, પાંચ૦ એક૦.
તે=ત્રી૦ પુ૦ સ૦, નર૦, કર્માર્થે બી૦ એક૦, રાખવાને
કૃ૦, કર્માર્થે.

છાનો=ગુ૦ વા૦ વિ૦, એનો વિશેષ્ય.
રાખવાને=કૃ૦ ના૦, નાન્ય૦, કર્માર્થે બી૦ એક૦, (બોલી કૃ૦ કર્માર્થે).
જૂઠું=ભા૦ વા૦ ના૦ નાન્ય૦ કર્માર્થે બી૦ એ૦.
બોલી=કૃ૦ અવ્ય૦.
તેમને=ત્રી૦ પુ૦ સ૦, સા૦, કર્મા૦ બી૦ બહુ૦, છેતરવાનું કૃ૦ કર્માર્થે.
છેતરવાનું=કૃ૦ ના૦, નાન્ય૦, છઠી૦ એક૦.
તમને=બી૦ પુ૦ સ૦, સામા૦, ચોથી૦ બહુ૦.
મન=ભા૦ ના૦ નાન્ય૦, કર્તાર્થે પહેલી૦ એક૦.
થશે=અ૦ ક્રિ૦ થા ધાતુ, મૂ૦ ભે૦, નિશ્ચાર્થ ભવીષ્ય૦, કર્તા મન, ક્રિયા કર્તરી.
પણ=ઉભયાનવી અ૦.
હમેશ=સ૦ સુ૦ ક્રિ૦ વિ૦ અ૦.
એવી=ગુ૦ વા૦ વિ૦ એનો વિ૦ વેળાએ.
વેળાએ=ભા૦ ના૦, નારી૦, સા૦ એક૦.
મન=ભા૦ ના૦ નાન્ય૦, કર્માર્થે બી૦ એક૦, રાખી કૃદંત કર્મા.
સાવધ=ગુ૦ વિ૦, એનો વિશેષ્ય મન.
રાખી=કૃ૦ અ૦.
એવાં=ગુ૦ વિ૦, એનો વિશેષ્ય કર્મથી.
દુષ્ટ=ગુ૦ વિ૦, એનો વિશેષ્ય કર્મથી.
કર્મથી=સા૦ ના૦, નાન્ય૦, પાં૦ બહુ૦.
વેગળા=સ્થળ વાચક ક્રિ૦ વિ૦ અવ્યય.
રહો=અ૦ ક્રિ૦, રહે ધાતુ, મૂ૦ ભે૦, આજ્ઞાર્થે વર્ત૦, કર્તા તમે, અધ્યહાર ક્રિયાનાથ કર્તા કર્તરી.

વાકય વિચાર.

વાકય વિચાર એટલે પૂરો અર્થ જણાવવા સાર શબ્દોની ગોઠવણી કેવી રીતે થાય છે તે વિશે સુચના.

ગુજરાતી ભાષામાં (૧) કર્તપક્ષ એટલે કર્તા અને તેના સંબંધમાં આવેલા શબ્દો (૨) ક્રિયા પૂર્ણા એટલે કર્મ ને તેના સંબંધમાં આવેલા શબ્દો અને ક્રિયાપદનો અર્થ પૂરો બતાવવા માટે વપરાયલા શબ્દો-અને અવ્યયો (૩) ક્રિયાપદથી એ પ્રમાણે વાકય ગોઠવાય છે. જેમકે સૌથી નાનો છોકરો પોતાની કવિતા ઘણી સારી રીતે બોલ્યો હતો.

(૧) કર્તૃ પક્ષ

સૌથી નાનો છોકરો.

(૨) ક્રિયાપૂર્ણી અને અવ્યયો

પોતાની કવિતા-ઘણી સારી રીતે.

(૩) ક્રિયાપદ

બોલ્યો હતો.

વિરામ ચિન્હો.

વાકય રચનામાં, વાંચનારને સરળતા પડે, અને લખાણની મતલબ સહેલથી ધ્યાનમાં આવે એવા હેતુથી જુદા જુદા ચીન્હો ઠેકાણે ઠેકાણે રાખવામાં આવે છે.

વિરામ ચિન્હો=વિરામ-આશાએશ ; ચિન્હ નિશાની નીચે પ્રમાણે છે :—

અલ્પવિરામ-થોડો.
અર્ધવિરામ-થોડો: વધારે ; અડધો.
પૂર્ણવિરામ-પૂરો.
પ્રશ્નવિરામ-સવાલ પૂછતાં.
આશ્ચર્યવિરામ-નવાઇ લાગતી હોય તેમ.
વૃધ્ધીવિરામ.
સંયુક્ત ચિન્હ ગુરૂરેખા બે શબ્દો જોડવામાં, લાંબો ઉચ્ચાર.
લઘુરેખા હ્રસ્વ પહોળો ઉચ્ચાર.